ગુજરાત સમાચાર, પાના નંબર - 03.
તારીખ :- 22/02/2025.

### ૨૦૩૬ના ઓલિમ્પિક માટે વિઝન રજૂ કરાયું

# અમદાવાદમાં ત્રણ હજારથી વધુ ઈલેકટ્રિક બસ દોડાવવા આયોજન

અમદાવાદ,શનિવાર

૨૦૩૬ના ઓલિમ્પિક માટે અમદાવાદ નેકસ્ટ અને મોબીલીટી એકિઝીબિશનમાં શહેરમાં ત્રણ હજારથી વધુ ઈલેકટ્રિક બસ દોડાવાનુ આયોજન હોવાનું મેયરે કહયુ હતુ.એરપોર્ટ અને ગિફ્ટ સિટીને જોડતી ચાર નવી મેટ્રો લાઈનનો પ્રસ્તાવ હોવાનુ એમ.થેન્નારસને કહ્યુ હતુ.

## એરપોર્ટ અને ગિફ્ટસિટીને જોડતી ચાર નવી મેટ્રો લાઈનનો પ્રસ્તાવ છે

સાબરમતી રિવરફ્રન્ટનુ વિસ્તરણ કરવા ઉપરાંત રીંગ રોડ ઉપર ટ્રાફિકનુ ભારણ ઘટાડવા કનેકટ વાહનોના ઉપયોગ તેમજ મેટ્રો સ્ટેશનો ઉપર પાર્કિગની સુવિધામા વધારો કરાશે.શહેરી વિભાગના અગ્ર સચિવે કહયુ, ઓલિમ્પિકસ માટે બિડીંગ પ્રક્રીયા શરૂ થઈ ગઈ છે. આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબ એર કવોલીટી ઈન્ડેકસ સુધારવા માટે રાજય સરકાર દ્વારા વાયબીલીટી ગેપફંડની વ્યવસ્થા કરવામા આવી છે. મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ કહયુ,કલોલ અને સાણંદ જેવા સેટેલાઈટ ટાઉન્સને રીજનલ રેપીડ ટ્રાન્ઝિટ સિસ્ટમ સાથે જોડવામા આવશે.જેનાથી મુસાફરીનો સમય માત્ર ૩૦થી ૪૫ મિનિટ થઈ જશે.લોકો વધુ જાહેર પરિવહનનો ઉપયોગ કરે એ માટેના આયોજન કરવામા આવશે.